# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લા માટે અંદાજે 507 કરોડ 84 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમુર્હૂત અને લોકાર્પણ કર્યુ
2. ધોલેરા SIR ખાતે દેશના સૌથી મોટા "ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી"નું નિર્માણ કરાશે
3. સ્વચ્છતા સેવા અભિયાન અંતર્ગત ગુજરાત દેશભરમાં અગ્રેસર બન્યું
4. ગૂજરાત વિદ્યાપીઠના 105માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતાં રાજ્યપાલે ગાંધી મૂલ્યોને યાદ કર્યા
5. અને આગામી બે દિવસમાં રાજ્યમાં કેટલાંક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM IN SAVALI AND NAVSARI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લા માટે અંદાજે 507 કરોડ 84 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યુ હતું. જેમાં સાવલીના કનોડ નજીક મહી નદી પર બનાનારા 412 કરોડ રૂપિયાના વિશાળ આડબંધ પ્રકલ્પનો સમાવેશ થાય છે.

આ પરિયોજનાથી સાવલી તાલુકાના 34 ગામોને તેમજ ઉમરેઠ તાલુકાના ૧૫ ગામોને લાભ મળશે. તેનાથી સાવલી નગર તેમજ આજુબાજુના ૪૦ જેટલા ગામોની આશરે ૭૭ હજાર જેટલી વસ્તી માટે પીવાના અને સિંચાઈનું પાણી સરળતાથી ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ અન્ય 210 વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ 257 કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં સાવલી એસટી ડેપોના વર્કશોપના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ નવસારીના ખેરલ ખાતે નાઇક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલા ગ્રામિણ યુવાવિકાસ કેન્દ્રનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

માહિતીખાતુ – સુનિતા દુર્ગેશ

# DHOLERA GREENFIELD INDUSTRIAL SMART CITY

રાજ્યના ધોલેરા ખાતે આવેલ "સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન" – SIRમાં દેશના સૌથી મોટા "ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી"નું નિર્માણ થઇ રહ્યું છે. ધોલેરા સ્માર્ટ સિટી ખાતે વિવિધ ઇન્ડસ્ટ્રીઝ તેમજ તેના કર્મચારીઓ રહેણાંક, વ્યાપાર, મનોરંજન તથા અન્ય હેતુસર ૯૨૦ ચોરસ કિલોમીટર જેટલી જમીન ફાળવાઈ છે. આ પ્રોજેકટના પ્રારંભિક તબક્કે ૨૨.૫૪ ચોરસ કિલોમીટર વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો છે.

ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડકટર, ઇલેક્ટ્રોનિક્સ, પુનઃ અપ્રાપ્ય ઉર્જા, ઓટોમોબાઇલ, ઇવી, એરોસ્પેસ, ડિફેન્સ, આઇ.ટી. જેવી કંપનીઓનું નિર્માણ થશે. ઉપરાંત વિવિધ પરિવહન માટે અમદાવાદ-ધોલેરા વચ્ચે ગ્રીનફિલ્ડ ફોર લેન એકસપ્રેસ વે, ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ તથા રેલવે લાઇનનો વિકાસ કરાશે.

# SWACHHATA HI SEVA- GUJARAT on TOP

સમગ્ર દેશમાં શહેરોને સ્વચ્છ બનાવવા ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અગ્રેસર બન્યું છે.

રાજ્યની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, “મહાત્મા ગાંધીએ જે સ્વચ્છ ભારતનું સપનું જોયું હતું તે સાકાર થઇ રહ્યું છે. શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના નિકાલમાં ગુજરાત રાજ્ય અત્યાર સુધી કુલ 210 લાખ ટન કચરાનો નિકાલ કરી સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રાજ્ય બન્યું છે.

સ્વચ્છ ભારત મિશન ફેઝ-2 અંતર્ગત શહેરોમાં કચરાથી ઘેરાયેલી 698 એકર જગ્યા ખુલ્લી કરાઇ છે. 140 ડમ્પ સાઇટમાંથી 95 ટકા કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારની ખુલ્લી થયેલી સાઇટ પર ઘન કચરાના પ્રોસેસિંગ માટે પ્લાન્ટ બનાવવામાં આવશે જે માર્ચ 2025 સુધીમાં કાર્યરત થઇ જશે.

# SHOPING FESTIVAL-AHMEDABAD

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સહયોગથી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું 12 ઓકટોબરથી 14 જાન્યુઆરી સુધી આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત શહેરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તેમજ ખરીદી માટે ગ્રાહકોને આકર્ષવા વિવિધ ઇનામો તેમજ સુવિધાઓ પણ આપવામાં આવી રહી છે. આ ફેસ્ટિવલમાં 4 મુખ્ય શોપિંગ સ્થળમાં -સિંધુ ભવન રોડ, સીજી રોડ રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લૉ ગાર્ડન, ગૂર્જરી બજાર, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહલાદ નગર રોડ અને શોપિંગ મોલ્સ સહિત 14 નિયત સ્થળો નક્કી કરાયા છે.

મુલાકાતીઓ આ શોપિંગ ફેસ્ટિવલમાં કોર્પોરેશનની વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરીને ઇનામો ઉપરાંત ખરીદીના વિવિધ સ્થળો સુધી પહોંચવા માટે વિના મૂલ્યે બસની સુવિધા, વધારાના ડિસ્કાઉન્ટ, ખરીદીના બિલ પર લકી ડ્રૉ તેમજ વિવિધ મનોરંજનના કાર્યક્રમોના પાસ નિ:શુલ્ક મેળવી શકે છે. આવતીકાલે આ ફેસ્ટિવલ અંતર્ગત સિંધુ ભવન રોડ ખાતે સાંજે ૬થી ૧૦ દરમ્યાન પ્રખ્યાત ગાયક કલાકાર પ્રહર વોરાનો ગાયનનો કાર્યક્રમ રજૂ કરાશે. આજે અને આવતીકાલે કાંકરિયા ખાતે લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# vav vidhan sabha election

વાવ વિધાનસભા મત વિભાગની પેટાચૂંટણી માટેનું જાહેરનામું ગઈકાલે પ્રસિધ્ધ કર્યા બાદ સંબંધિત ચૂંટણી અધિકારી શ્રી પાસે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થયેલ છે. આજ રોજ જયેન્દ્ર કરસનભાઈ રાઠોડે અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર રજૂ કરેલ છે.

ઉમેદવારી પત્રો આગામી 25 ઓક્ટોબરના બપોરે ત્રણ વાગ્યા સુધી રજૂ કરી શકાશે. તેમ મુખ્ય નિર્વાચન અધિકારીની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું છે. વાવ વિધાનસભાની પેટા ચૂંટણી માટે આગામી 13 નવેમ્બરના રોજ મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# recruitment of Lokrakshak and PSI

લોકરક્ષક અને PSI ની ભરતીમાં આગામી 25 નવેમ્બર આસપાસ શારીરિક કસોટી લેવામાં આવશે. PSI માટે ઉમેદવારી કરી હશે તેમની પહેલા શારીરિક પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ લોક રક્ષક માટેના ઉમેદવારોની શારીરિક પરીક્ષા લેવામાં આવશે.

આ વિશે વધુ માહિતી આપતા પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ આપીએસ અધિકારી હસમુખ પટેલે આ મુજબ જણાવ્યું

*બાઈટ-હસમુખ પટેલ, અધ્યક્ષ પોલીસ ભરતીબોર્ડ*

# GUJARAT VIDYAPITH

ગૂજરાત વિદ્યાપીઠના 105માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે મહાત્મા ગાંધીએ સૂચવેલા સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા મૂલ્યો હશે તો દુનિયા સુખ અને શાંતિથી જીવી શકશે. વધુમાં તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા મૂલ્યોને લઈને આગળ વધે એવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન ઉદ્દેશ સાથે ગ્રામ જીવન યાત્રાને પ્રસ્થાન કરાવ્યું. આ યાત્રા દરમિયાન 21થી 26 ઑક્ટોબર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ 18 હજાર જેટલા ગામોમાં ગ્રામજનો તેમજ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપશે. ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠની વેબસાઇટનું લોકાર્પણ તેમજ ગાંધી વિમર્શના આઠ પુસ્તકોનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે કવિ તુષાર શુક્લએ લખેલા પ્રાકૃતિક કૃષિ ગીતનું પણ લોકાર્પણ કરાયું.

# KUBER DINDOR -PM AAVAAS YOJNA-MAHISAAGAR

આદિજાતિ વિકાસમંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છેવાડાના ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧ હજાર ૨૦૯ લાભાર્થીઓને વર્ક ઓર્ડર વિતરણ કરવામાં આવ્યા.

આ પ્રસંગે શ્રી ડિંડોરે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય ઉદેશ્ય દરેક ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું પોતાના સપનાનું પાકું મકાન આપવાનો છે. છેવાડાનો  એક પણ વ્યક્તિ છત વગર ના રહી જાય તેના માટે સરકાર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ, APMC ના ચેરમેનશ્રી, અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# SANKALAN SAMITI-DIST.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકો યોજાઇ રહી છે. મહેસાણા તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં કલેકટરશ્રીની અધ્યક્ષતામાં સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.  જેમાં જિલ્લાના વિવિધ કામો અંગે ચર્ચા કરાઈ હતી. તો નર્મદા જિલ્લામા પણ કલેક્ટરના વડપણ હેઠળ એક બેઠક યોજાઈ હતી. જેમાં લોકઉપયોગી પડતર કામોના નિકાલ અંગે કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી હતી.

ભુજ ખાતે યોજાયેલી સંકલનસહ ફરિયાદ સમિતીની બેઠકમાં પ્રજાની સમસ્યાઓને સમય મર્યાદામાં નિવારવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાકીદ કરવામાં આવી છે. આ બેઠકમાં  વીજળી, ગંદકી, પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ રસ્તા વગેરેના મુદાઓ પર સાંસદો તેમજ ધારાસભ્યો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે સમીક્ષા કરાઈ હતી.

# SEVA SETU

દસમાં તબક્કાના "સેવા સેતુ કાર્યક્રમ" હેઠળ છેવાડાના નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં નાયબ મુખ્ય દંડકશ્રીની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૩ જેટલા ગામોના અરજદારોના જુદાજુદા ૧ હજાર ૮૦૭ જેટલા પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# GUJ WEATHER

રાજ્યના અનેક ભાગોમાં આજે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. બપોરના સમયે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો. જેને પગલે ઠેર ઠેર પાણી ભરાયા હતા. આ તરફ દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ભાગોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, દ્વારકા જિલ્લાના ખાંભળીયા તેમજ કલ્યાણપુર, ખોખરી, માંઝા, ભટગામ, ભાટિયા, પાનેલી, નાવદ્રા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

તો આ તરફ ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખના અનુસાર આહવા સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે તેમજ સાપુતારા,વઘઈ અને સુબિર પંથકના ગામડાઓમા છૂટો છવાયો વરસાદ નોંધાયો હતો.

તો તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લાના ઉચ્છલમાં પડેલા વરસાદ બાદ કેટલાક ઘરોને નુકસાન પહોંચ્યુ હતું.

દરમિયાન હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી બે દિવસમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત,ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા-નગર હવેલી ખાતે તેમજ સૌરાષ્ટ્રમાં કેટલાંક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. તો ઉત્તર ગુજરાતમાં પંચમહાલ તેમજ દાહોદમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.